કેસ દાખલ કર્યા તા. : ૨૨/૦૮/૨૦૨૫
કેસ નોંધ્યા તા. :૨૨/૦૮/૨૦૨૫
ઠરાવ જાહેર કર્યા તા.:૧૦/૦૩/૨૦૨૬
અવધિ : ૦૦ વર્ષ ૦૬ માસ ૧૯ દિવસ

ઓખામંડળના મહે. જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં
મુકામ :-ઓખામંડળ

ફોજદારી કેસ નં.૧૩૬૩/૨૦૨૫
**આંક-૧૮**

**શ્રી સરકાર,**
વિ રૂ ધ્ધ. ..... ફરીયાદી.

**કરસનભા અમરસંગભા સુમણીયા**
ધંધો: મજુરી,ઉ.વ.૩૯
રહે.આરંભડા સીમ,હુશેની ચોક જીઓ ટાવર પાસે,
તા.દ્વારકા,જી. દેવભૂમિ દ્વારકા. ..... આરોપી

---

ચાર્જ:- જી.પી. એકટની કલમ - ૧૨૨ -સી મુજબ

---

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.પી.જે.માજીરાણા
બચાવપક્ષ તરફે વિ.વકીલ કુ. આર.એન.ઠાકર

---

**-:: ઠ રા વ ::-**

(૧) **કેસની ટુંકમાં હકીકત:**

બનાવની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૭/૨૦૨૫ ના રોજ કલાક:૨૩/૩૦ વાગ્યે મોજે સુરજકરાડી સોની બજારમાં જાહેરમાં મીઠાપુર જાહેરમાં અંધારામાં લપાતો છુપાતો દુકાનોના તાળા તપાસતો શંકાસ્પદ રીતે કોઈ મીલકત વીરુધ્ધનો ગુન્હો કરવાના

ઈરાદે પકડાઈ જઈ, જી.પી. એકટની કલમ– ૧૨૨ (સી) મુજબ ગુનો કરેલ હોય,સદર બનાવ સંબંધે આ કામના ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, આરોપી વિરૂધ્ધ જી. પી. એકટની કલમ– ૧૨૨ (સી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરિયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમની તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી:</u>

આ કામનાં આરોપીને સમન્સ ઈશ્યુ થતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને તેઓના બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ આરોપીની આંક–૦૬ પ્લી નોધવામાં આવતાં, આરોપીએ તેમની સામે નાં આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવાની જરૂર જણાય આવતી ના હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં. (૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ કલાક:૨૩/૩૦

વાગ્યે મોજે સુરજકરાડી સોની બજારમાં જાહેરમાં મીઠાપુર જાહેરમાં અંધારામાં લપાતો છુપાતો દુકાનોના તાળા તપાસતો શંકાસ્પદ રીતે કોઈ મીલકત વીરુધ્ધનો ગુન્હો કરવાના ઈરાદે પકડાઈ જઈ, જી.પી. એકટની કલમ– ૧૨૨ (સી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. (૨) શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદદા નં. (૧) ''નકારમાં,''

મુદદા નં. (૨) આખરી હુકમ મુજબ.

**(૫)** **<u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>**

**(૫.૧)** આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદને આંક–૧૦ થી તપાસતા તેઓએ આંક–૧૧ થી રજૂ અટક પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી,અટક પંચનામું નિ:શંક પુરવાર થયેલ માની શકાય તેમ નથી. તેમજ આ કામે આંક–૧૫ થી ફરીયાદી જયપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ આંક–૧૬ ની ફરીયાદ મુજબ જુબાની રજુ થયેલ છે. તેઓની ઉ. ત. માં તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાના આજુબાજુ દુકાનો,હોટેલો તથા રહેણાંક વિસ્તાર આવેલા છે તેમજ બનાવવાળી જગ્યાથી સો મીટર દુર સુરજકરાડી બસ સ્ટેન્ડ આવેલ છે તેમજ સુરજકરાડી બસ સ્ટેન્ડની બાજુમાં દ્વારકા ઓખા હાઈવે રોડ આવેલ છે. આ રોડ ઉપર સતત રાત દિવસ વાહનોની અવર જવર રહે

છે. બનાવવાળા સમયે કોઈ મકાન કે દુકાનનું તાળું તુટેલ હોય તેવી કોઈ ફરીયાદ તેઓને કે તેમના પો. સ્ટે.માં નોંધાવેલ ન હતી તેમજ આરોપી પાસેથી કોઈ તાળા તોડી શકે તેવા કોઈ સાધનો મળી આવેલ ન હતા તેમજ સુરજકરાડી બસ સ્ટેન્ડ પાસે બસ તથા ટ્રાવેલ્સનો સ્ટોપ છે તેમજ નાઈટમાં કોઈ સાધન ન મળે તો મુસાફર કે કોઈ માણસ આવેલ સ્ટોપ પાસે રોકાઈ શકે.

**–:: કા ર ણો ::–**

(૬) આ કામે અટક પંચનામું લખાવનાર પંચ સાહેદએ પંચનામામાં માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારી જુબાની આપતાં નથી અને તેઓની જુબાની ઉપરથી રજુ થયેલ પંચનામુ પુરવાર થયાનું માની શકાય નહીં. આ તમામ સંજોગો ફરિયાદપક્ષના કહેવાતા બનાવ બાબતે શંકા ઉભી કરે છે. જયારે પં ચ સાક્ષી પંચનામાને સમર્થન આપતા ના હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. પંચ સાહેદએ ફરીયાદ પક્ષના કથનોને આધાર આપ્યો નથી. આ કામે દુકાનના તાળા તોડવા માટેના કોઈ મુદ્દામાલ આરોપીના પાસેથી કબ્જે કરવામાં આવેલ હોય કે કોઈ મુદ્દામાલ મળી આવેલ હોય તે સાબિત કરતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ નથી. ચાર્જશીટમાં જણાવેલ અન્ય તમામ સાહેદો પોલીસ સાહેદો છે. આમ જયારે મહત્વનાં પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ના હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી સ્વતંત્ર સાહેદોના માનવા લાયક પુરાવાના અભાવે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી.

આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો શંકા થી પર પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું જણાય આવતું નથી. તેથી મુદ્દા નં.(૧) નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામનાં આરોપી કરસનભા અમરસંગભા **સુમણીયાનાઓ ને** બી. એન. એસ. એસ. ની કલમ- ૨૭૮ (૧) હેઠળ જી. પી. એકટની ૧૨૨ (સી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબરૂ.૫૦૦૦ /- ના જાત મુચરકો રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે-માર્ચ સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:ઓખામંડળ.
તા.૧૦ /૦૩/૨૦૨૬

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખામંડળ.
(જજ કોડ નં.જીજે-૦૧૪૫૦)

**સ્ટેનોગ્રાફર:-રેખા.એ.ગોઢાણીયા.**